# Telephone conversation between Prime Minister and State Counsellor of Myanmar Daw Aung San Suu Kyi

April 30, 2020

# વડાપ્રધાન અને મ્યાનમારનાં સ્ટેટ કાઉન્સેલર ડાઉ આંગ સાન સુ ક્યી વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 30, 2020

30 એપ્રિલ 2020 નાં રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત ગણરાજ્ય મ્યાનમારનાં સ્ટેટ કાઉન્સેલર ડાઉ આંગ સાન સુ ક્યી સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ સ્થાનિક અને પ્રાંતિય સંદર્ભોમાં ઉદ્ભવતી કોવિડ-19 પરિસ્થિતિની ચર્ચા કરી હતી અને આ મહામારીનાં ફેલાવાને નિયંત્રણમાં લેવા માટે લેવામાં આવી રહેલા પગલાઓ પર એકબીજાને માહિતગાર કર્યા હતા.

ભારતની પાડોશીઓને પ્રાથમિકતાની નીતિનાં મહત્વનાં સ્તંભ તરીકે મ્યાનમારની અગત્યતા પર ભાર મૂકતા, વડાપ્રધાન મોદીએ કોવિડ-19 ની આરોગ્યની અને આર્થિક અસરોને દૂર કરવા માટે મ્યાનમારને સંભવિત તમામ સહાયતા પ્રદાન કરવાની ભારતની તૈયારી પાઠવી હતી.

વડાપ્રધાને ભારતમાં હાજર મ્યાનમારનાં નાગરિકોને ભારત સરકાર દ્વારા તમામ સંભવિત સહાયતા પ્રદાન કરવાની ખાતરી આપી હતી, અને મ્યાનમારમાં ભારતીય નાગરિકોને મ્યાનમારની સત્તાધિકારીતાઓ દ્વારા આપવામાં આવી રહેલા સહકાર બદલ સ્ટેટ કાઉન્સેલરનો આભાર માન્યો હતો. બન્ને નેતાઓ કોવિડ-19 સંદર્ભમાં વર્તમાન અને ભાવિ પડકારોનો ઉકેલ મેળવવા સંપર્કમાં રહેવા અને સાથે મળીને કાર્ય કરવા પર સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**એપ્રિલ 30, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.